Letter No: SJED/0002/03/2026 Approved Date: 09-03-2026

કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરીની હંગામી જગ્યાઓની મુદ્દત વધારવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:SJED/MSM/e-file/17/2023/1287/CHH,

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૩/૨૦૨૬

વંચાણે લીધા:-

(૧) વિભાગનો તા.૩૦/૦૫/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક:SJED/MSM/e-file/17/2023/1287/CHH.

(૨) કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરીનો તા.૦૪/૦૨/૨૦૨૬નો પત્ર ક્રમાંક:કમિ/અપગ/૨૦૨૫-૨૬/વહટ/૧૧૨૧.

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક:-(૧) પરના વિભાગના તા.૩૦/૦૫/૨૦૨૫ના ઠરાવથી કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરીની વર્ગ-૧ થી વર્ગ-૩ની કુલ-૦૪(ચાર) હંગામી જગ્યાઓ વધુ ૧ વર્ષ માટે ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ. જેની મુદ્દત તા.૨૮/૦૨/૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલ હોઈ, કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક:-(૨) પરના પત્રથી સદરહુ હંગામી જગ્યાઓની મુદ્દત વધુ ૧ વર્ષ માટે લંબાવવા દરખાસ્ત કરેલ હતી. ઉક્ત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરીની નીચેના પત્રક મુજબ કુલ-૪ હંગામી જગ્યાઓ તા.૦૧/૦૩/૨૦૨૬ થી તા.૨૮/૦૨/૨૦૨૭ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| જગ્યાનું નામ | વર્ગ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ મંજુર થયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| કમિશનર | ૧ | ૧ | ૧ | - |
| નાયબ કમિશનર | ૧ | ૧ | ૧ | - |
| ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૧ | ૨ | ૧ | ૧ | - |
| ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ | ૩ | ૧ | ૧ | - |
| કુલ | | ૪ | ૪ | - |

File No: SJED/MSM/e-file/17/2023/1287/CHH Section
Approved By: Deputy Secretary,CHH Section,SJED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ પર નાણા સલાહકારશ્રી(સા.ન્યા.) તથા સચિવશ્રી(સા.ન્યા.)ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જીગર પટેલ)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ભોંયતળિયે, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી આધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તરફ વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.